**મે. હારીજના સિવીલ જજ અને જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

**મુકામ– હારીજ.**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૧૨૦૯/૨૦૨૪ |
| આંક | ૨૭ |
| ગુન્હાની કલમ | એમ.વી.એકટ કલમ–૩,૧૮૧,૧૮૫ તથા ધી પ્રોહી એક્ટ કલમ– ૬૬(૧)(બી) મુજબ. |
| ફરિયાદી | શ્રી સરકાર (હારીજ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ૧૧૨૧૭૦૦૯૨૪૦૮૭૨/૨૦૨૪). |
| ફરીયાદી તરફે વિ..એ.પી.પી.શ્રી | વી.સી.ચૌહાણ. |
| આરોપીઓ | ભુપતભાઇ નાગજીભાઇ ઠાકોર, ઉ.વ.૨૩,<br>રહે. હારીજ ઝાપટપરા, તા.હારીજ, જી.પાટણ. |
| આરોપીઓ તરફે વિ.વ. શ્રી | એન.એમ.રાવળ |

| | |
|---|---|
| ફરિયાદ દાખલ તારીખ | ૨૬/૧૧/૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૨૩/૧૨/૨૦૨૪ |
| આરોપીના જવાબ ની તારીખ | ૧૦/૦૧/૨૦૨૫ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૩૧/૦૧/૨૦૨૫ |
| હુકમ માટે રાખ્યાની તારીખ | ૨૦/૦૨/૨૦૨૬ |
| ચુકાદા ની તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |

| | |
|---|---|
| સજા કર્યાની તારીખ | નિર્દોષ. |

**<u>આરોપીની માહિતી –</u>**

| **અનુ. નં.** | **આરોપીઓનું નામ** | **ધરપકડ ની તારીખ** | **જામીનમુક્તિ તારીખ** | **તહોમત** | **શું નિર્દોષ છોડ્યું/ સજા કરી** | **સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતા ની કલમ ૪૨૮ મુજબ.** |
|---|---|---|---|---|---|---|
| ૦૧ | ભુપતભાઇ નાગજીભાઇ ઠાકોર, | – | – | એમ.વી. એક્ટ કલમ– ૩,૧૮૧, ૧૮૫ તથા ધી પ્રોહી એક્ટ કલમ– ૬૬(૧)(બી) મુજબ. | નિર્દોષ | – |

**<u>ફરીયાદી /બચાવ / ન્યાયાલયના સાક્ષી ની યાદી :–</u>**

(અ). ફરિયાદ પક્ષ :–

| અનુક્રમ નંબર | આંક નંબર | નામ | વિગત |
| --- | --- | --- | --- |
| ૧ | ૦૫ | નવઘણજી દોલુજી ચૌહાણની જુબાની. | પંચસાહેદ |
| ૨ | ૦૭ | અર્જુનદાન સમરતદાન ગઢવીની જુબાની. | પંચસાહેદ |
| ૩ | ૧૭ | સિધ્ધરાજસિંહ ચમનજીની જુબાની. | ફરિયાદી |
| ૪ | ૧૯ | ડો.ભુમી ખુશાલભાઇ પરમારની જુબાની. | ડો.સાહેદ |
| ૫ | ૨૫ | રાકેશકુમાર જગમાલભાઇની જુબાની. | ત.ક.અમલદાર |

**(અ) ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવા :–**

| અનુક્રમ નંબર | આંક નંબર | વિગતો |
| --- | --- | --- |
| ૦૧ | ૦૬ | શરીર સ્થિતીનું પંચનામું |
| ૦૨ | ૧૮ | ફરિયાદ |
| ૦૩ | ૨૦ | યાદી |
| ૦૪ | ૨૧ | ફોર્મ 'એ' |
| ૦૫ | ૨૨ | ફોર્મ 'બી' |
| ૦૬ | ૨૩ | ફોર્મ 'સી' |
| ૦૭ | ૨૬ | ડેપ્યુટ હુકમ |

**ફરીયાદી /બચાવ /ન્યાયાલય ના સાક્ષી ની યાદી :–**

**(બ) બચાવ પક્ષ :–**

| અનુક્રમ નંબર | આંક નંબર | નામ | વિગત |
| --- | --- | --- | --- |
| | | | |

**(બ) બચાવ પક્ષે દસ્તાવેજી પુરાવા :-**

| અનુક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| | | |

**/ જજમેન્ટ /**

**(૧).** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી જાહેરમાં એક સફેદ કલરની i10 nios નંબર GJ 24=8124 ની હારીજ હાઈવે ચોકડી ઉપર સર્પાઆકાર હંકારી આવિ મળી આવેલ હોઈ દારુ પિધેલ હાલતમા વાહન હંકારતો હોઈ મળી આવી એમ.વી.એકટની કલમ- ૩,૧૮૧, ૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ- ૬૬(૧)(બી) મુજબનો ગુનો કરેલ છે જે બાબતની ફરિયાદ ફરિયાદીએ હારીજ પો.સ્ટે. માં ગુના રજીસ્ટર નંબર ૧૧૨૧૭૦૦૯૨૪૦૮૭૨/૨૦૨૪ થી જાહેર કરેલ છે. ત્યાર બાદ તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આંક- ૦૧ મુજબનું ચાર્જશીટ મહેરબાન પ્રિન્સીપાલ કોર્ટ હારીજમાં દાખલ કરેલ જે ચાર્જશીટ રજીસ્ટરે લીધા બાદ અત્રેની કોર્ટમાં સદરહું કેસ કાયદેસરની કાર્યવાહી માટે આવેલ છે.

**(૨).** માનનીય નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા R/ Criminal Misc. Application No. 8892/2018 ના ચુકાદામાં પેરા નં. ૧૦ માં એવું ઠરાવવામાં આવેલ છે કે, "The result of above discussion is that (01) by repeal of section 115, the Magistrate is not denuded of his jurisdiction to try the case " ને ધ્યાને રાખી આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુના સબંધિત ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. ચાર્જશીટ બાદ આરોપીઓને નિયમોનુસાર સમન્સની બજવણી કરતાં, આરોપીઓ અદાલતમાં હાજર થયેલ છે. આરોપીઓને બી.એન.એસ.એસ. ની કલમ-૨૩૦ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડેલ છે અને ગુના વિષે સમજ કરી અને આંક -૦૩ થી આરોપીની પ્લી નોંધતા આરોપી ધ્વારા ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે.

(૩). આ કામમાં ફરિયાદપક્ષ તરફથી ઉપરોકત મુજબના પુરાવા રજુ થયેલ છે.

(૪). બી.એન.એસ.એસ. ની કલમ- ૩૫૧ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદ પક્ષના કેસની મહત્વની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેમની સામે ખોટો કેસ કરેલાનું જણાવે છે. ત્યાર બંન્ને પક્ષકારોની દલીલો સાંભળી.

(૫). આ કેસના નિર્ણય માટે તેમની સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં. ૦૧. શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી જાહેરમાં એક સફેદ કલરની i10 nios નંબર GJ 24=8124 ની હારીજ હાઇવે ચોકડી ઉપર સર્પાઆકાર હંકારી આવિ મળી આવેલ હોઇ દારુ પિધેલ હાલતમા વાહન હંકારતો હોઇ મળી આવી એમ.વી.એકટની કલમ- ૩,૧૮૧, ૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ- ૬૬(૧)(બી) મુજબનો ગુનો કરેલ છે ?

મુદ્દા નં. ૦૨

શું હુકમ ?

(૬). ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૦૧ નકારાત્મક.

મુદ્દા નં. ૦૨ આખરી હુકમ મુજબ.

મુદ્દા નં. ૦૧ અને ૦૨ માટેના મારા નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે :-

(૭). ફરિયાદ પક્ષ તરફે આંક-૦૫થી પંચસાહેદ નવઘણજી દોલુજી ચૌહાણ

તથા આંક–૦૭થી પંચસાહેદ અર્જુનદાન સમરતદાન ગઢવી નાઓને તપાસવામાં આવેલ છે. સદરહું પંચ સાહેદો તેમની સરતપાસમાં એવું જણાવેલ છે કે તેઓએ પોલીસના કહેવાથી એક લખેલા કાગળમાં સહી કરેલ હોવાનું જણાવી તે લખેલા કાગળમાં શું લખાણ હતુ તેની તેઓને ખબર ન હોવાનું જણાવી પંચનામાની વિગતે તેઓ કંઈ જાણતા નહી હોવાનું જણાવેલ છે. વધુમાં તેમની ઉલટતપાસમાં એ વાત ખરી હોવાની જણાવે છે કે, પોલીસે તેઓની એક તૈયાર લખેલા પંચનામામા તેઓની સહી લીધેલ. પંચનામા બાબતે તેઓને કોઈ જાત માહિતી નથી.

(૮). ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસના અનુસાર જે પણ સાહેદોની હાજરીમાં આરોપીની શરીર સ્થિતી અંગે જે કથન થયેલ છે તે પંચસાહેદો ઉપરોકત ચર્ચા કરી તેમ મુજબ આંક–૦૬ થી રજુ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુનો બનેલ હોવાનું શંકાસ્પદ બની જાય છે.

(૯). આંક–૧૭થી ફરિયાદી સિધ્ધરાજસિંહ ચમનજીનાઓને તપાસવામાં આવેલ છે તેઓની જુબાની ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે, તા.૨૬/૧૧/૨૪ ના રોજ તેઓ હારીજ પો.સ્ટે. મા તેઓની ફરજ બજાવતા હતા અને તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો વિસ્તારમાં ટાઉન નાઈટ પેટ્રોલીંગમા હતા તે વખતે હારીજ જલીચાણ ચોકડી નજીક એક સફેદ કલરની આઈ–૧૦ નીઓસ ગાડી નંબર જેનો નંબર જીજે ૨૪ બીસી ૮૧૨૪ તથા એક ટ્રક ચાલક વચ્ચે ઝઘડો થયેલ છે જેની જાણ થતાં તેઓ પોલીસ સ્ટાફ સાથે હારીજ હાઈવે ચોકડી પાસે આવતાં એક ગાડી સફેદ કલરની આઈ–૧૦ નીઓસ ગાડી નંબર જેનો નંબર જીજે ૨૪ બીસી ૮૧૨૪ ગાડી રાધનપુર તરફથી સર્પાકાર રીતે આડી અવળી ચલાવી આવતો હોઈ તે ગાડીને હાથનો ઈસારો કરી રોડની સાઈડમાં ઉભી રખાવી જેમાં બે ઈસમો હતા જેઓને નીચે ઉતારી પુછ પરછ કરતા બંને પીધેલી હાલતમાં જણાતા હોઈ તેમને સાથેના

લોકોએ બે પંચોને બોલાવી હકીકતથી વાકેફ કરી સદરી ગાડીની ડ્રાઈવીંગ સીટ ઉપર બેઠેલાનુ નામઠામ પુછતાં તેણે પોતાનુ નામ ભુપતભાઈ નાગજીભાઈ રહે.હારીજવાળો હોવાનુ તોતડાતી જીભે જણાવેલ અને તેનુ મોઢુ સુંઘી જોતાં દારુ પીધેલાની વાસ આવતી હતી અને તેની આંખો લાલ નશાથી ઘેરાયેલી હતી અને તે ચલાવી જોતો તે શરીર સંમતોલ જાળવી શકતો ન હતો અને તે લથડીચા ખાતો હતો અને બીજો ઇસમ પણ પીધેલી હાલતમાં હતો જેનો અલગથી કેસ કરેલો અને પંચો રૂબરૂ વિગતવારનું પંચનામુ સાથેના અહેકો રાકેશકુમાર નાઓએ કરી લીધેલુ અને આરોપીને અટક કરેલો અને અંગે અમોએ પોલીસ સ્ટેશન આવી તેઓએ હાલના આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલી જે ફરીયાદ તઓને બતાવવામાં આવે તે જોઇને તેઓ તેમાં તેમની સહી ઓળખી બતાવે છે જેને સદર કામમાં રજુ દાખલ આંક–૧૮ આપવામાં આવેલ છે. આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ સદરહુ ફરિયાદીએ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ સાંજના છ વાગે પેટ્રોલીંગ કરતા હતા. તેઓને ટ્રક ચાલક અને આઈ–૧૦ ગાડીના ડ્રાઈવર વચ્ચે ઝઘડો થયેલાની જાણ આશરે છ વાગે થયેલી અને ત્યારબાદ તેઓ હારીજ ચોકડીએ આવેલા, પંચો બોલાવવા માટે આઈ.ઓ. ગયેલા. પંચો આસરે પોણા સાત વાગ્યાની આસપાસ આવી ગયેલા.પંચો હારીજ ચોકડી ઉપર જ આવેલા. ગાડી ચાલક નશામાં છે તેવુ તેઓએ અનુમાન કરેલુ. ફરીયાદમાં તેઓએ પંચોના નામ લખેલા નથી. કોઈ માણસ બીમાર હોય તો પણ લથડીયા ખાઈ અને તોતડાતી જીભે બોલતો હોય. કોઈ માણસને લાંબા સમયનો ઉજાગરો હોય તો પણ તેની આંખો લાલ હોઈ શકે. તેઓની પાસે બ્રથએનીલાઝર મશીન બનાવ સમયે હતુ નહી. આરોપીના મોઢામાંથી વાસ આવતી હતી અને લથડીયા ખાતા હતા અને તેની આંખો લાલ હોવાના કારણે ફરીયાદ આપેલી.

(૧૦) વધુમાં ફરિયાદપક્ષે આંક– ૨૫ થી રાકેશકુમાર જગમાલભાઇ તેઓની જુબાનીમાં જણાવે છે કે, તારીખ ૨૬/૧૧/૨૦૨૪ ના રોજ તેઓ

હારીજ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન જાણવા મળેલ કે હારીજ જલીયાણ ચોકડી પાસે એક સફેદ કલરની આઈ–૧૦ નીઓસ ગાડી અને એક ટ્રક ચાલક વચ્ચે ઝઘડો થયેલ છે જેથી તેઓ હારીજ ચોકડી પાસે આવતા એક આઈ–૧૦ નીઓસ ગાડી રાધનપુર તરફથી આડી અવળી સર્પાકાર રીતે આવતી હોય જે ગાડીને ઉભી રખાવેલી જે ગાડીમાં બે માણસો બેઠેલ હોય જે પ્રથમ દર્શનીય રીતે બન્ને ઈસમો નશાની હાલતમાં જણાયેલા જે બન્ને ઈસમોને નીચે ઉતારી બે પંચોના માણસો બોલાવી ડ્રાઈવીંગ સીટ ઉપર બેઠેલ ઈસમનુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ ભુપતજી નાગજીજી ઠાકોર, રહે.હારીજ વાળો હોવાનુ જણાવેલ. સદરી ઈસમના મોઢામાથી દારૂ પીધેલાની વાસ આવતી હતી અને સદરી ઈસમ તેની શરીરસ્થિતિની સારસંભાળ રાખી શકતા નહોતા અને સદર આઈ–૧૦ ગાડીનો રજીસ્ટ્રેશન નંબર જીજે–૨૪–બી.સી.–૮૧૨૪ હતો અને સદરી ઈસમ પાસે ડ્રાઈવીંગ લાયસન્સ અને ગાડીના સાધનીક કાગળો માંગતા સદરી ઈસમે રજુ કરેલ નહી. આ અંગેનુ વિગતવારનુ પંચનામુ પંચોના લખાવ્યા મુજબનુ તેઓએ કરી લીધેલુ. આરોપી વિરુધ્ધ પો.કો.સિધ્ધરાજસિહે ફરીયાદ આપેલી. અન્ય ઈસમ વિરુધ્ધ અલાયદી ફરીયાદ આપેલી. તે બાદ હારીજ પો.સ્ટે. ના પી.એસ.ઓ. ભરતજી નાઓએ હારીજ પો.સ્ટે.ગુ.ર.નં.૮૭૨/૨૪ થી પ્રોહી. એકટની કલમ–૬૬(૧)બી, એમ.વી.એકટની કલમ–૧૮૫ વિગેરે મુજબનો ગુનો દાખલ કરી સદર ગુનાની તપાસનો લેખીત હુકમ તેઓને કરેલો જેથી તેઓએ આ કામની તપાસ સંભાળેલી જે લેખીત હુકમ તેઓને બતાવવામાં આવે છે તે જોઈને તેઓને કહે છે કે, તેમાં પી.એસ.ઓ. તરીકે ભરતજીની સહી છે જે તેઓ ઓળખે છે. જેને રજુ દાખલ **આંક–૨૬** આપવામાં આવે છે. આરોપીને સી.એચ.સી. હારીજ ખાતે લઈ ગયેલ અને ત્યા આરોપીનુ બ્લડ સેમ્પલ લેવડાવેલ. તેઓએ તપાસના કામે ફોર્મ–એ સામેલ રાખેલુ. ત્યારબાદ સદર ઉપરોકત પુરાવા જોતા આરોપીની વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ. તેઓ આરોપીને જોયેથી ઓળખે છે.

ત્યારબાદ સદરહુ સાહેદ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, હાલના કામે તેઓએ પંચનામુ કરેલ છે અને તપાસ પણ

તેઓએ કરેલ છે. કહેવાતા બનાવવાળી જગ્યાની આજુબાજુ પાન મસાલાના ગલ્લા આવેલા છે. કોઈપણ વ્યકિતએ રાત્રિના સમયગાળામાં પુરતી ઉંઘ લીધેલ ન હોય તો પણ સામાન્ય રીતે તેની આંખો લાલ થઈ શકે. તેઓએ બનાવવાળી જગ્યાએ બ્રેથ એનાલાઈઝર મશીનથી આરોપીએ દારૂ પીધેલ હોવા બાબતે ચકાસણી કરેલ હોય તેવુ બનેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આવુ કોઈ મશીન તેઓને સરકારશ્રીએ ફાળવેલ નથી. તેઓએ તપાસના કામે સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલા નથી.

**(૧૧)** વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૯ થી ડો.ભુમી ખુશાલભાઈ પરમારને તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તારીખ ૨૬/૧૧/૨૦૨૪ નાં રોજ સીવીલ હોસ્પીટલ હારીજ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હતા તે વખતે પી.એસ.ઓ. હારીજની લેખિત યાદીની સાથે રાત્રીના કલાક ૮–૪૫ વાગે ભુપતભાઈ નાગજીભાઈ ઠાકોર, રહે.ઝાપટપરા, હારીજ વાળા નાઓને નશો કરેલી હાલતમાં મળેલ હોય બ્લડ સેમ્પલ લેવડાવવા માટે તેઓની રૂબરૂ લાવેલા જે યાદી સાથે આવેલા તે અસલ યાદી વિ.એ.પી.પી.શ્રીના અસલ કાગળોમાંથી રજુ કરેલ છે જેમાં પી.એસ.ઓ. તરીકે રાકેશકુમાર જગમાલભાઈની સહી છે જે યાદીને રજુ દાખલ **આંક–૨૦** આપવામાં આવેલ છે. આ ભુપતભાઈ નાગજીભાઈ ઠાકોર નાઓને તેઓએ તપાસતાં તેમના મોઢામાંથી તથા કપડામાંથી પણ આલ્કોહોલની વાસ આવતી હતી. તેમની ભાષા અસામાન્ય હતી અને ચાલ સ્થિર ન હતી. તેમની આંખો ઘેરાયેલી હતી. તેમની આંખની કીકી સામાન્ય કરતા પહોળી હતી જેથી આ ઈસમે આલ્કોહોલ પીધેલો હોય તેવુ લાગતાં તેમના લોહીનો નમુનો લેવા માટેની પ્રક્રિયાની શરૂઆત કરેલી. આ ઈસમના હાથના કોણીના ભાગેની ચામડી જયાંથી લોહી લેવાનુ હતુ તે ભાગ સ્પીરીટથી સાફ કરેલ. અને ડીસ્પોઝેબલ સીરીંઝ અને નીડલ વડે આશરે ૫ સીસી. લોહીનો નમુનો લીધેલ. આ લોહીનો નમુનો તેઓએ એક સ્ટરીલાઈઝ કરેલ ફીયાલ કે જેમાં પ્રીઝરવેટીવ તરીકે ઈ.ડી.ટી.એ. ફીયાલમાં નાંખેલા હતા તેમાં તેઓએ લીધેલ લોહી ઉમેરેલુ અને તે ફીયાલ ઉપર સ્ટરીલાઈઝ કરેલ રબરનુ બુચ લગાવી ફીયાલની અંદર રહેલા તમામ

પદાર્થો લોહી સાથે ભળી જાય તે રીતે હલાવેલુ અને ત્યારબાદ તે ફીયાલને લાખ વડે તેઓએ તેમની જાતે તેમની કચેરીનુ સીલ લગાવી પેક કરેલ. આ ફીયાલને એક કાર્ડબોર્ડના ખોખામાં પેક કરી તેની ઉપર આરોપીની વિગતો, તથા એમ.એલ.સી. નંબર ની જરૂરી વિગતો લખીને સ્લીપ ચોંટાડેલ અને આરોપીની આજ એમ.એલ. સી. નંબર અને આરોપીના નામ સહીતની વિગતો ફીચાલ ઉપર પણ લગાવેલી અને આ કાર્ડ બોર્ડ પણ લાખ થી કચેરીનુ સીલ મારી સીલ કરેલ. તેઓએ આ પ્રક્રીયા દરમ્યાન ફોર્મ–એ તૈયાર કરેલુ જે ફોર્મ એ માં આરોપીની વિગતો અને લોહી લેવા માટે કરેલ પ્રક્રિયાની વિગતો જણાવેલી. તે ફોર્મ–એ તેમને બતાવવામાં આવે છે તેમાંની વિગતો તેઓએ જાતે લખેલ છે અને નીચે તેઓની સહી અને તેઓનો હોદ્દો લખેલો છે તથા જેનુ લોહી લીધેલ તેમના ડાબા હાથના અંગુઠાનુ નીશાન લીધેલ જે ફોર્મ–એ ને વિ.એ.પી.પી.શ્રીના અસલ કાગળોમાંથી રજુ કરેલ છે જેને કામમાં રજુ દાખલ **આંક–૨૧** આપવામાં આવેલ છે. તેઓએ ફીચાલ સીલ કર્યા બાદ ફોર્મ–બી ભરેલ. જે ફોર્મ–બી માં આરોપીના નામ સહીતની તમામ વિગતો તથા લોહી લીધાની પ્રક્રિયા કર્યાની વિગતો ભરેલી તથા તારીખ નાંખેલી. જે ફોર્મ–બી મા તેઓએ પ્રતિકૃતિ સરખાવવા માટે શીલ મારેલુ. જે ફોર્મ–બી તેઓએ તેમની જાતે તૈયાર કરેલ જે ફોર્મ–બી ની સ્થળપ્રત તેઓ રજુ કરે છે તેમાનુ લખાણ તેઓએ જાતે લખેલ છે તેમાં મેડીકલ ઓફીસર તરીકે તેઓનો હોદ્દો લખેલ છે અને સહી છે તથા લગાવેલ સીલની પ્રતિકૃતિ છે જે લખાણ અને સહીઓ તેઓ ઓળખે છે જે ફોર્મ–બી ની સ્થળપ્રતને રજુ દાખલ **આંક–૨૨** આપવામાં આવેલ છે. આ ફોર્મ–બી ની અસલ કોપી તેઓએ લોહી લીધેલ તે ફીયાલની સાથે કાર્ડ બોર્ડ વાળા બોક્ષની અંદર મુકી બોક્ષ સીલ કરી આ બોક્ષ લોહીના નમુનાના પૃથકરણ માટે તેઓની કચેરી મારફતે રજીસ્ટર પોસ્ટથી ગાંધીનગર ફોરેન્સીક લેબોરેટરીમાં તા.૨૬/૧૧/૨૦૨૪ નાં રોજ મોકલી આપેલુ. તેઓએ મોકલેલ ભુપતભાઈ નાગજીભાઈ ઠાકોર, રહે.ઝાપટપરા, હારીજ વાળા ના લોહીનુ પૃથકરણ થયા બાદ તેનો પૃથકરણ રીપોર્ટ શ્રીમતી એ.જી.પટેલ, સાયન્ટીફીક ઓફીસર એફ.એસ.એલ. ગાંધીનગર નાંએ પોતાની સહી કરી તેઓને મોકલી આપેલો જે પૃથકરણ રીપોર્ટ (ફોર્મ–સી) તેમને મળેલ

જે તેઓ રજુ કરે છે તે રીપોર્ટ જોઈને તેઓએ કહેલ છે કે ''મે નમુના અર્થે મોકલેલ લોહીમાં ૦.૦૯૨૫ ગ્રામ પરસેન્ટ ઈથાઈલ આલ્કોહોલનુ પ્રમાણ જોવા મળેલુ અને મારા અભિપ્રાય મુજબ આ લોહીનુ અંદર આલ્કોહોલની માત્રા વધારે પ્રમાણમાં હતી.'' જે ફોર્મ–સી ને રજુ દાખલ **આંક–૨૩** આપવામાં આવેલ છે. આ લોહી લેવાની તમામ પ્રક્રિયા તેઓએ જાતે કરેલી. લોહી લેવાની પ્રક્રિયા દરમ્યાન તેઓએ સદર લોહીના નમુનામાં કોઈ ભેળસેળ ન થાય તથા તે કોઈ સપાટીના સંપર્કમાં ન આવે અને તે સિધુ જ ફીયાલમાં જાય તેની તેઓએ કાળજી રાખેલી. તેઓએ જે ઈસમનુ લોહી લીધેલ તે ઈસમને તેઓ જોયેથી નામદાર કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

ત્યારબાદ સદરહુ ડોકટર સાહેદ તેઓની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓ લોહી લેવાના નિયમોથી વાકેફ છે, કોઈપણ ઈસમનુ લોહી લેવાની પ્રક્રિયા નિયમ–૪ મુજબ કરવાની રહે છે, નિયમ–૪ મા લોહીના નમુના પર શીલ ડોકટરશ્રીએ જાતે મારવુ પડે તેવુ જણાવેલ છે, આ ઈસમના લોહીનો નમુનો લીધેલ તે વખતે તેઓની હોસ્પિટલમા બીજા ઈસમોની પણ તેઓએ સારવાર કરી હોઈ શકે, ફોર્મ–એ માં તેઓએ આરોપીનો ફકત અંગુઠો લીધેલ, આ અંગુઠો તેઓએ બાંધેલો નહી. સાહેદ જણાવે છે કે, આ જે અંગુઠો લીધેલ તે આરોપીનો જ હતો. તેઓ ફોર્મ–સી જોઈને કહે છે કે, તેઓએ આરોપીના લોહીનુ સેમ્પલ તા. ૨૬/૧૧/૨૦૨૪ ના રોજ લીધેલુ જે એફ.એસ.એલ.માં તા.૦૫/૧૨/૨૦૨૪ ના રોજ મળેલુ. આ નમુનો દિન–૭ સેમ્પલ લેવાયાના દિન–૭ માં એફ.એસ.એલ. માં મળેલ નથી, વધુમાં સવાલ પુછેલ છે કે, આંક–૨૩ વાળા ફોર્મ–સી માં સ્પેસીમેન કોપી આંશીક વંચાય છે તેવુ લખેલ છે આ બાબતે તમારે શુ કહેવુ છે ? જેના જવાબમાં તેઓએ જણાવેલ છે કે, આંક–૨૩ વાળા ફોર્મ–સી માં સ્પેસીમેન કોપી આંશીક વંચાય છે તેવુ લખેલ છે જે અંગે જણાવેલ છે કે, આરોપીના લોહીના નમુનાની ફીયાલ ઉપર આરોપીની તમામ વિગત તથા તારીખ લખવાની હોય છે જે ફીયાલ કદમાં નાની હોવાથી અક્ષરો નાના કાઢવા પડતા હોય અક્ષરો આંશીક વંચાય તેવા હોઈ શકે છે. પરંતુ આ તમામ વિગતો ફોર્મ–બી તથા તમામ વસ્તુઓ જે કવરમાં મોકલેલ હોય તે કવર ઉપર પણ લખેલી હોય છે જેથી તે સરખાવી શકાય તેવી હોય છે. આ

શીલ તેઓએ હોસ્પિટલનુ લગાવેલુ.

**(૧૨)** આમ, હાલના કામે આરોપી સામેના એમ.વી.એકટ કલમ–૩,૧૮૧,૧૮૫ તથા ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬ (૧) (બી) મુજબ આરોપી ધ્વારા પોતાના હવાલાનું વાહન ચલાવતી વખતે વગર પાસ પરમીટે કેફી પદાર્થ દારૂનું સેવન કરવામાં આવેલું હતુ તે આક્ષેપ અનુસંધાને રેકર્ડ ઉપરનો પુરાવો જોતા, ફરિયાદ પક્ષે આંક– ૧૯ થી મેડીકલ ઓફીસર : ભુમી ખુશાલભાઈ પરમારનાઓને સોગંદ ઉપર તપાસેલા છે અને તેઓ ધ્વારા ફોર્મ–એ,બી, તથા એફ.એસ.એલ. રીપોર્ટ રજુ કરેલ છે જેને અનુક્રમે આંક – ૨૧ થી ૨૩ આપવામાં આવેલ છે. આંક–૨૧ થી ફોર્મ–એ વાળા દસ્તાવેજને ધ્યાને લેતા ડોકટરશ્રી ધ્વારા તારીખ : ૨૬/૧૧/૨૦૨૪ નાં રોજ હાલનાં આરોપીનું બ્લડનું સેમ્પલ લેવામાં આવેલ હોવાની હકીકત પુરવાર થાય છે તેમજ આંક–૨૩ થી એફ.એસ.એલ.રિપોર્ટ ધ્યાને લેતા, તે સેમ્પલ વાળી ફીયાલ એફ.એસ.એલ., ગાંધીનગરનાઓને તારીખ : ૦૫/૧૨/૨૦૨૪ નાં રોજ એફ.એસ.એલ., ગાંધીનગરને પૃથ્થકરણ અર્થે મળેલ છે.

આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ***State of Gujarat vs. Bapuji Savaji*** **[**1990(2)G.L.H. Page 451**]** ના કેસમાં આપવામાં આવેલ ચુકાદામાં જણાવેલ છે કે, *"7.Now in this case, the alleged offence took place on 27th October, 1978 at 21.15 hours and thereafter the PSI Mr.Pathan had taken the accused to the Medical Officer Bhogilal Chunilal Pandya, PW-2, who examined him on the very day at 23.00 hours and took his sample of the blood in the manner as provided by Rule 4(1) of the said Rules, for the purpose of sending it to the Chemical Analyser. It is*

*to be noted that though the sample of the blood came to be collected on 27th October, 1978, the same was sent to the Chemical Analyser on 28th October, 1978, which was received by the Chemincal Analyser on 10th November, 1978 by Regd.Post.* ***This clearly shows that the sample of the blood has not reached the Chemical Analyser within 7 days of its collection as provided in Rule 4(2) of the Rules.*** *From the evidence of the said Medical Officer, it is not clear whether the said sample was accompanied by a forwarding letter in Form-B being facsimile of the seal or monogram used for sealing the phial of the sample blood of the accused.* ***Under the circumstances, provisions of Rule 4(1) & (2) of the said Rules, which are mandatory, are violated. These tow patent infirmities are fatal to the prosecution.*** *When faced with this situation, Mr.Trivedi, leaned APP was unable to press the acquittal appeal any further."*

**(૧૩)** ધી બોમ્બે પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ–૧૯૫૯ નાં નિયમ–૪(૨) ની મેન્ડેટરી જોગવાઈ જોતા, ફીયાલમાં લીધેલ લોહીના નમુનાને ચકાસવા માટે ચકાસણી અધિકારીને ટપાલ મારફતે અથવા ખાસ સંદેશા વાહક મારફતે એવું લોહી લીધાની તારીખથી દિન–૭ ની અંદર મળી જાય તે રીતે મોકલવું જોઈએ, પરંતુ હાલનાં કેસમાં તારીખ : ૨૬/૧૧/૨૦૨૪ નાં રોજ લેવામાં આવેલ આરોપીના લોહીના

નમુના વાળી ફીચાલ તપાસણી માટે એફ.એસ.એલ. ગાંધીનગરને તારીખ : ૦૫/૧૨/૨૦૨૪ નાં રોજ મળેલ છે, જેથી ધી બોમ્બે પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સની મેન્ડેટરી જોગવાઈઓનો સ્પષ્ટપણે ભંગ થયેલ છે, વધુમાં આંક-૧૯ થી તપાસેલ સાહેદ ડો.ભુમી ખુશાલભાઈ પરમારનાઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આરોપીના હાથના કોણીના ભાગેની ચામડી જયાંથી લોહી લેવાનુ હતુ તે ભાગ સ્પીરીટથી સાફ કરેલ જેથી નિયમ-૪(૨) નિયમનો ભંગ થાય છે. જેનો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે અને ફરિયાદ પક્ષ આદેશાત્મક જોગવાઈનો ભંગ થતા પોતાનો કેસ શંકા રહીત પુરવાર કરી શકેલ નથી તેમ કહી શકાય. આ સંજોગોમાં અત્રેની અદાલત **મુદ્દા નં.૧** નો જવાબ '**નકારમાં**' ઠરાવી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરૂ છું.

## ***-// આખરી હુકમ //-***

➔ બી.એન.એસ.એસ.ની કલમ- ૨૭૧(૧) અન્વયે આરોપી ભુપતભાઇ નાગજીભાઈ ઠાકોર, રહે. હારીજ ઝાપટપરા, તા.હારીજ, જી.પાટણ વાળા નાઓને એમ.વી.એકટની કલમ- ૩,૧૮૧, ૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ- ૬૬(૧)(બી) મુજબના શિક્ષા પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

➔ આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-૪૮૧ મુજબના રૂ.૫,૦૦૦/- ના અપીલ જામીન આપવા.

હુકમ આજ તારીખ ૦૭મી, માહે-માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૭/૦૩/૨૦૨૬ (કૃણાલકુમાર નરેન્દ્રકુમાર પુરાણી )
સ્થળ- હારીજ જ્યુડી.મેજી. ફ.ક. હારીજ,
કોડ નં. જી.જે.૦૧૫૨૮

જે.પિ.ત્રિવેદી, સ્ટેનો